મિસાઈલ કરતાં સસ્તા, પણ જોખમમાં અનેક ગણાં!

યુદ્ધની તસવીર બદલાઈ રહી છે. એક સમયે દુશ્મનના ઠેકાણાને નિશાન બનાવવા માટે મોંઘાં મિસાઈલ, લડાકુ વિમાન અને ભારે શસ્ત્રો પર આધાર રાખવો પડતો હતો. હવે એ જ કામનો કેટલોક હિસ્સો પ્રમાણમાં સસ્તા ડ્રોન કરી રહ્યા છે. આકાશમાં ઊડતું નાનું યંત્ર ક્યારેક જાસૂસી કરે છે, ક્યારેક તોપને લક્ષ્ય સુધી પહોંચાડે છે, તો ક્યારેક સીધું હુમલો પણ કરે છે. રશિયા-યુક્રેન યુદ્ધે બતાવ્યું છે કે ડ્રોન હવે માત્ર સહાયક સાધન નથી રહ્યા; તેઓ યુદ્ધની રણનીતિનો મહત્ત્વનો ભાગ બની ગયા છે.

ડ્રોનનો સૌથી મોટો ફાયદો તેની કિંમત અને ઉપયોગની પદ્ધતિમાં છે. દરેક ડ્રોનને રોકવા માટે મોંઘી હવાઈ સંરક્ષણ મિસાઈલ વાપરવી પડે એવું નથી, પરંતુ જ્યારે એકસાથે મોટી સંખ્યામાં ડ્રોન હુમલો કરે છે ત્યારે સંરક્ષણ વ્યવસ્થા સામે મુશ્કેલી ઊભી થાય છે. હુમલાખોર પક્ષ ઓછા ખર્ચે વારંવાર હુમલો કરી શકે છે, જ્યારે બચાવ કરનાર પક્ષે દરેક જોખમને ઓળખવું, તેનું મૂલ્યાંકન કરવું અને યોગ્ય હથિયારથી અટકાવવું પડે છે.

ઈરાનથી રશિયા સુધી પહોંચેલી ટેક્નોલોજી!

રશિયાના લાંબા અંતરના હુમલામાં વપરાતું Geran-2 ડ્રોન આ બદલાવનું જાણીતું ઉદાહરણ છે. તે ઈરાનના Shahed-136 ડિઝાઈન પર આધારિત છે. પ્રોપેલરથી ચાલતું આ ડ્રોન અગાઉથી નક્કી કરેલા માર્ગે ઉડીને નિશ્ચિત સ્થળને નિશાન બનાવી શકે છે. તેની માર્ગદર્શન વ્યવસ્થામાં સેટેલાઈટ નેવિગેશન અને ઈનર્શિયલ નેવિગેશનનો ઉપયોગ થાય છે. એટલે કે, તે માત્ર રિમોટથી

ચલાવવામાં આવતું રમકડું નથી; તેમાં અગાઉથી નક્કી કરેલી ઉડાન અને લક્ષ્ય સુધી પહોંચવાની વ્યવસ્થા હોય છે. રશિયાએ સમય જતાં આ ડ્રોનમાં ફેરફારો અને વિવિધ પ્રકારનાં અપગ્રેડ પણ કર્યા છે.

પરંતુ દરેક ડ્રોનનો હેતુ હુમલો કરવાનો જ નથી. Gerbera તેનું અલગ ઉદાહરણ છે. ઓછા ખર્ચે તૈયાર થતું આ ડ્રોન ઘણી વખત ડિકોય તરીકે વપરાય છે. તેનો હેતુ દુશ્મનની હવાઈ સંરક્ષણ વ્યવસ્થાને વ્યસ્ત રાખવાનો અને અસલી હુમલાખોર ડ્રોનથી ધ્યાન ભટકાવવાનો હોય છે. તેના કેટલાક પ્રકારો જાસૂસી અથવા સંદેશાવ્યવહાર માટે પણ ઉપયોગમાં આવી શકે છે. એટલે કે, ક્યારેક ડ્રોન પોતે મોટું નુકસાન કરતું નથી, પરંતુ દુશ્મનને તેની પાછળ સંરક્ષણનાં સાધનો ખર્ચવા મજબૂર કરે છે.

કોઈ નજર રાખે છે, કોઈ સીધો હુમલો કરે છે!

રશિયાની ડ્રોન ક્ષમતામાં Orlan-10 અને Orlan-30 જેવા સર્વેલન્સ ડ્રોન પણ મહત્ત્વ ધરાવે છે. Orlan-10 કેમેરા અને અન્ય સેન્સરની મદદથી યુદ્ધક્ષેત્રની હિલચાલ પર નજર રાખે છે. તે મળેલી માહિતી કમાન્ડ સેન્ટર સુધી પહોંચાડે છે, જેનો ઉપયોગ તોપખાનાને યોગ્ય લક્ષ્ય નક્કી કરવામાં અને હુમલાની અસર તપાસવામાં થઈ શકે છે. Orlan-30 પણ દેખરેખ અને લક્ષ્ય ઓળખવાની કામગીરી કરે છે; તેના કેટલાક સંસ્કરણોમાં લેસર આધારિત ટાર્ગેટ ડિઝિગ્નેશનની ક્ષમતા હોવાના અહેવાલ છે. આ રીતે એક ડ્રોન દુશ્મનનું સ્થાન શોધે છે અને જમીન પરનાં શસ્ત્રોને હુમલો કરવામાં મદદ કરે છે.

ZALA શ્રેણી અને Supercam જેવા ડ્રોન પણ મુખ્યત્વે જાસૂસી, દેખરેખ અને માહિતી એકત્રિત કરવા માટે વપરાય છે. તેઓ કેમેરા અને સેન્સરથી મળતી તસવીરો તથા માહિતી ઓપરેટર સુધી પહોંચાડે છે. બીજી તરફ Lancet સામાન્ય સર્વેલન્સ ડ્રોન નથી, પરંતુ 'લોઈટરિંગ મ્યુનિશન' એટલે કે હવામાં રહીને લક્ષ્ય શોધી તેના પર ત્રાટકતું શસ્ત્ર છે. તેમાં કેમેરા અને ઈલેક્ટ્રો-ઓપ્ટિકલ માર્ગદર્શનનો ઉપયોગ થાય છે. તે ખાસ કરીને તોપખાનાં અને સૈન્ય વાહનો જેવા લક્ષ્યો સામે વપરાતું જોવા મળ્યું છે.

આ ઉપરાંત Eleron-3, Takhion, Forpost અને Orion જેવા ડ્રોન પણ રશિયાની વિવિધ માનવરહિત હવાઈ ક્ષમતાનો ભાગ છે. Eleron-3 અને Takhion મુખ્યત્વે ટૂંકા અંતરની જાસૂસી તથા દેખરેખ માટે છે. Forpost અને Orion જેવા મોટા ડ્રોન લાંબા સમય સુધી હવામાં રહીને સર્વેલન્સ કરી શકે છે; Orionના કેટલાક સંસ્કરણો હુમલાખોર કામગીરી માટે પણ તૈયાર કરવામાં આવ્યા છે. KUB પણ Lancetની જેમ લોઈટરિંગ મ્યુનિશન શ્રેણીમાં આવે છે. જ્યારે Molniya પરિવારના કેટલાક ડ્રોન ઓછા ખર્ચે હુમલાખોર કામગીરી માટે વપરાય છે. આ તમામની રચના,

આધુનિક યુદ્ધમાં કદ નહીં, કિંમત અને સંખ્યા પણ શક્તિ બની ગઈ છે-અને ડ્રોન આ વાત સાબિત કરી રહ્યા છે! હવે યુદ્ધમાં સૌથી મોટો સવાલ એ નથી કે કોની મિસાઇલ કેટલી શક્તિશાળી છે, પણ એ છે કે કોના ડ્રોનનો ખતરો રોકવા દુશ્મનનું ખિસ્સું પહેલાં ખાલી થાય છે!

ઉડાનનો સમય, અંતર અને ક્ષમતા એકસરખી નથી.

યુદ્ધનું ગણિત હવે બદલાઈ રહ્યું છે!

આ ડ્રોનની કામગીરીને સમજીએ તો એક વાત સ્પષ્ટ થાય છે: આધુનિક યુદ્ધમાં એક જ પ્રકારનું હથિયાર બધું કામ કરતું નથી. કોઈ ડ્રોન દુશ્મનની સ્થિતિ શોધે છે, કોઈ માહિતી પહોંચાડે છે, કોઈ હવાઈ સંરક્ષણને ગેરમાર્ગે દોરે છે અને કોઈ સીધો હુમલો કરે છે. આ અલગ-અલગ ભૂમિકાઓ એકબીજાને મદદ કરે છે ત્યારે યુદ્ધક્ષેત્ર વધુ જટિલ બની જાય છે.

ડ્રોનની ઓછી કિંમતનો અર્થ એ નથી કે તે હંમેશાં સચોટ કે અપરાજેય હોય છે. તેને જામિંગ, હવાઈ સંરક્ષણ, ઈલેક્ટ્રોનિક વૉરફેર અને અન્ય ઉપાયોથી અટકાવી શકાય છે. છતાં, વારંવાર અને મોટા પ્રમાણમાં તેનો ઉપયોગ કરવાની ક્ષમતા યુદ્ધનું આર્થિક ગણિત બદલી રહી છે. હવે પ્રશ્ન માત્ર એટલો નથી કે કોની પાસે વધુ મિસાઈલ છે; પ્રશ્ન એ પણ છે કે કોણ ઓછા ખર્ચે વધુ સમય સુધી હુમલો કરી શકે છે અને કોણ એ હુમલાને અસરકારક રીતે રોકી શકે છે. આકાશમાં ઊડતાં આ નાનાં યંત્રોએ યુદ્ધને એક નવી દિશા આપી છે.

આયુષ્માનની 'ઉડતા તીર'નું તીર નિશાન પર લાગ્યું કે ફંટાઈ ગયું?!

આયુષ્માન ખુરાનાની 'ઉડતા તીર' હોય કે રજનીકાંતની 'જેલર 2', બધી જ ફિલ્મો માટે રણબીરની 'રામાયણ'ની સવારી 5 નવેમ્બરે આવે ત્યાં સુધી જ સારી તક છે. કેમ કે 'રામાયણ'નું એડવાન્સ બુકિંગ જોરશોરથી શરૂ થઈ ગયું છે. પહેલા જ દિવસે રૂ. 10 કરોડની ટિકિટ વેચાઈ ગઈ હતી. તેથી 'ધુરંધર 2'ના રૂ. 53 કરોડના રેકોર્ડને પાછળ રાખવાનું મુશ્કેલ તો નહીં હોય, પરંતુ ટ્રેડ પંડિતો માને છે કે ફિલ્મના બે ભાગના રૂ. 4000 કરોડના ખર્ચને જોતાં આ આવક ઘણી ઓછી સાબિત થશે. 'જેલર 2'એ બીજા વીકએન્ડમાં રૂ. 70 કરોડની કમાણી કરી હોવાથી અને અજય દેવગનની 'દ્રશ્યમ 3' હજી પણ રોજ રૂ. 3 કરોડ મેળવી રહી હોવાથી આયુષ્માનની 'ઉડતા તીર'ને પહેલા વીકએન્ડમાં રૂ. 20 કરોડ મળ્યા હતા. અજયની 'દ્રશ્યમ 3' અત્યાર સુધીમાં વૈશ્વિક રીતે રૂ. 580 કરોડ મેળવી ચૂકી છે. 'દ્રશ્યમ'ને રૂ. 110 કરોડ, જ્યારે 'દ્રશ્યમ 2'ને રૂ. 340 કરોડ મળ્યા હતા. તેથી આયુષ્માનની 'ઉડતા તીર'નું બોક્સ ઓફિસ પર નિશાન બરાબર લાગ્યું નથી. બોલિવૂડ જ્યારે પણ ભારત અને પાકિસ્તાનના સંબંધો પર ફિલ્મ બનાવે છે, ત્યારે કાં તો સરહદ પર ભારે ગોળીબાર થાય, કાં તો છાતી ઠોકીને દેશભક્તિના તોતિંગ ડાયલોગ વાગે અથવા તો રડાવનારો ડ્રામા થાય. પણ આ ફિલ્મે તર્ક જ બદલી નાખ્યો છે! અલબત્ત, સામાન્ય રીતે બોલિવૂડની કોમેડી ફિલ્મો ઘરે મગજ મૂકીને જોવા જેવી હોય છે, પણ 'ઉડતા તીર' મગજ સતર્ક રાખીને જોવી પડે એવી છે. તેનું કારણ એનું સ્માર્ટ લેખન છે. એક પાકિસ્તાની જાસૂસ ભારતમાં મિશન પર આવે, યાદશક્તિ ગુમાવી બેસે અને પોતે જ અસલી 'દેશભક્ત ભારતીય સૈનિક' બનીને પાકિસ્તાની વિલનોની વાટ લગાડી દે, એ વિચાર પોતે જ એટલો ક્રેઝી અને રમુજી છે કે વિષયની પસંદગીની બાબતમાં તીર ચોક્કસપણે નિશાન પર વાગ્યું છે.

ફિલ્મોગ્રાફ
રાકેશ ઠક્કર

વિચાર જેટલો સ્માર્ટ હતો એટલી સ્માર્ટ તેની પટકથા નથી. જ્યારે તાર્કિક સિચ્યુએશનલ કોમેડી બનાવવાની જરૂર હતી, ત્યારે તેને થોડી 'બાળકાની' અને બળજબરીપૂર્વકની ઓવરએક્ટિંગ તરફ વાળી દીધી. પરિણામે, જે તીર સીધું લક્ષ્ય વીંધી શકતું હતું તે વચ્ચે હેલિકોપ્ટરની જેમ ગોળ-ગોળ ફરી ગયું! ટૂંકમાં, આ વખતે આયુષ્માનનું તીર નિશાન પર વાગવાને બદલે લક્ષ્યની સહેજ બાજુમાંથી પસાર થઈ ગયું.

ફિલ્મની વાર્તા એક એવા જાસૂસની આસપાસ ફરે છે, જે પાકિસ્તાન તરફથી ભારતની ધરતી પર એક ગુપ્ત મિશન પર આવ્યો છે. પરંતુ એક અકસ્માતમાં તેની યાદશક્તિ સંપૂર્ણપણે નાશ પામે છે અને હોસ્પિટલમાંથી બહાર આવ્યા બાદ તે પોતાને એક પાકો ભારતીય સૈનિક માનવા લાગે છે. ફિલ્મનો પ્રથમ ભાગ અપેક્ષા કરતાં વધુ આકર્ષક અને અણધાર્યા હાસ્યથી ભરેલો છે, જેમાં નાસમજ પાત્રો અને તેમની બેવકૂફીભરી હરકતો દ્વારા સિચ્યુએશનલ કોમેડી ઊભી કરવામાં આવી છે. આ સમગ્ર ફિલ્મના માહોલ અને કથાને પોતાના અભિનયથી જીવંત રાખવામાં આયુષ્માન ખુરાનાની ભૂમિકા અત્યંત કેન્દ્રીય રહી છે. તેણે પોતાની લાંબી અને પ્રભાવશાળી કારકિર્દીમાં હંમેશાં વિષયવસ્તુ આધારિત અને અલગ પ્રકારની ફિલ્મો પસંદ કરવાની પરંપરા જાળવી રાખી છે. 'વિકી ડોનર'થી લઈને 'અંધાધૂન', 'આર્ટિકલ 15' અને 'બધાઈ હો' જેવી ફિલ્મોથી બોલિવૂડમાં એક અલગ જ ઓળખ બનાવનાર આયુષ્માને સામાજિક ગંભીરતા અને વિવાદાસ્પદ મુદ્દાઓને મનોરંજન સાથે જોડવામાં હંમેશાં કુશળતા બતાવી છે.

ક્લાઇમેક્સની નજીક આવતા જ ફિલ્મમાં જે છેલ્લો ટ્વિસ્ટ મૂકવામાં આવ્યો છે, તે આખી વાર્તાને એક નવો જ આયામ આપે છે અને અત્યાર સુધીની અર્થહીન કે ગાંડપણભરી સ્ક્રિપ્ટને અચાનક એક સ્માર્ટ વળાંક તરફ વાળી દે છે

તેની કારકિર્દીની ખાસિયત રહી છે કે તે એવા અનોખા પાત્રો પસંદ કરે છે, જે સામાન્ય હીરોની છબીથી બિલકુલ વિપરીત હોય છે. જોકે, ક્યારેક એવું પણ અનુભવાય છે કે તે પોતાની જ શૈલીની છાયામાં કામ કરી રહ્યો છે. તેમ છતાં, અભિનેતા તરીકે તેની ગંભીરતા અને કોમિક ટાઈમિંગનું સંતુલન આ મૂંઝવણભરેલા પાત્રને ન્યાય આપે છે.

આયુષ્માનની સાથે ફિલ્મમાં રાહુલ બોઝ અને મુકુલ દેવ જેવા અનુભવી કલાકારોએ પોતાના દમદાર અભિનયથી કોમેડીના સ્તરને ઊંચું લાવવામાં મોટો ભાગ ભજવ્યો છે. ખાસ કરીને રાહુલના કેટલાક એવા સીન છે, જે કોઈપણ દર્શકના ચહેરા પર ખડખડાટ હાસ્ય લાવવા માટે પૂરતા છે. સહાયક કલાકારોમાં સોહેલ નૈયર જેવા યુવા કલાકારોએ પણ પોતાના અભિનયથી મજબૂત પ્રભાવ પાડ્યો છે અને ઘણા સીનમાં તે મુખ્ય અભિનેતાને પણ ટક્કર આપતો નજરે પડે છે. સારા અલી ખાન અને સ્મિતા તાંબે પોતપોતાની ભૂમિકાઓમાં યોગ્ય છે. રામ કપૂર, બ્રિજેન્દ્ર કાલા અને ગુલશન ગ્રોવર પણ વાર્તામાં મનોરંજક તત્ત્વો ઉમેરે છે.

ફિલ્મની લંબાઈ આશરે સવા બે કલાકની છે, જે થિયેટરમાં બેસીને ટાઈમપાસ કરવા માટે યોગ્ય પુરવાર થાય છે. ક્લાઈમેક્સની નજીક આવતા જ ફિલ્મમાં જે છેલ્લો ટ્વિસ્ટ મૂકવામાં આવ્યો છે, તે આખી વાર્તાને એક નવો જ આયામ આપે છે અને અત્યાર સુધીની અર્થહીન કે ગાંડપણભરી સ્ક્રિપ્ટને અચાનક એક સ્માર્ટ વળાંક તરફ વાળી દે છે. આ ફિલ્મ કોઈ ક્રાંતિકારી કે ઊંડાણપૂર્વકનો સંદેશ આપતી નથી, પરંતુ તે એક એવી ફ્રેશ કોમેડી છે, જે ગંભીર વિષયો પર હળવું સ્મિત લાવવામાં સફળ રહે છે અને સિનેમાઘરમાં બેસીને કોઈ પણ પ્રકારના તણાવ વગર હસવાની તક પૂરી પાડે છે.

ઓટોગ્રાફ!

ફિલ્મ 'ફૌઝી'નું ટીઝર જોયા પછી એમ કહી શકાય કે રણબીરની 'એનિમલ' કે યશની 'KGF 2'માં જોવા મળી હતી એવી સિગાર સ્ટાઈલ અપનાવીને પ્રભાસ કશું નવું આપી શક્યો નથી?!

ભ્રષ્ટાચાર : ભારતની ભૂંડી ભવાઈ..!

શિક્ષણ ખાતાનો એક ઉચ્ચ અધિકારી નવા શિક્ષકની ભરતી કરતી વેળા તેની પાસેથી દોઢ લાખ પડાવે છે, કેમ કે એને યાદ આવે છે કે એણે પણ નોકરી મેળવવા માટે ઘર ગિરવે મૂકીને દોઢ લાખનો ચાંલ્લો કરવો પડ્યો હતો. એક ક્લાર્ક કોઈ કામ કરી આપવાના બે-પાંચ હજાર પડાવે છે, કેમ કે તેણે થોડા દિવસો પહેલાં કોઈ ઓફિસમાં ટેબલ નીચેથી ચૂકવેલા ચાર હજારના તાજા ઘામાંથી હજી લોહી ટપકે છે. આખી વ્યવસ્થા જ ભ્રષ્ટ બની હોવાથી કોઈ એકલે હાથે તેને દૂર કરી શકતું નથી. મિત્રો, સમાજમાં ભ્રષ્ટાચારની આખી સાઇકલ દાંતાવાળા ચક્રોની જેમ પરસ્પરના સહકારથી ગતિમાન રહે છે. દરેક માણસ ઈચ્છે છે કે ભ્રષ્ટાચાર જરૂર દૂર થવો જોઈએ, પણ શરૂઆત મારાથી નહીં, બીજાથી થવી જોઈએ. દોસ્તો, વિચાર આવે છે કે આ ધરમ-કરમવાળા દેશમાં આપણે આ કેવો કારભાર લઈ બેઠા છીએ? દેશના કોઈ ભ્રષ્ટાચારી પ્રધાનને ભાંડતી વખતે આપણે એ ભૂલી જઈએ છીએ કે આપણે પણ તક મળે ત્યારે સોગઠી મારી લઈએ છીએ.

બીજું ઉદાહરણ જોઈએ. મિલનો કામદાર હોય એવો કોઈ માણસ રાત્રે મિલમાંથી તેલના ડબ્બા ચોરીને વેચતો હોય અને તમને ખબર પડે કે તે માત્ર પચાસ રૂપિયામાં એક ડબ્બો વેચી રહ્યો છે ત્યારે આપણામાંથી કેટલા જણ એ ડબ્બો ખરીદવાથી દૂર રહેશે? શું તમે એમ વિચારીને એ નહીં ખરીદો કે એ ચોરીનો માલ છે? આપણે બીજાના પાપમાં ભાગીદાર ન બનવું જોઈએ. અમને ખબર છે કે તમારી પાસે જે સાચો જવાબ છે તે તમને નીચું જોવડાવે એવો છે. પણ સમજદારી એમાં રહેલી છે કે ભલે નીચું જોવું પડે, પણ તેમાં વિવેકબુદ્ધિ હશે તો વખત જતાં આપણે એ ખાનગીમાં કૂંફાડા મારતી અપ્રામાણિકતાને નાથવાનો વિચાર જરૂર કરીશું.

દોસ્તો, તમને તમારા શિક્ષકો પાસેથી અવારનવાર સાંભળવા મળી રહ્યું હશે કે આપણી ગુજરાતી ભાષા મરી રહી છે. માતૃભાષા જીવાડવાની એમની લાગણીને લાખો સલામ, પણ ભાષાના દેહ પર જૂની જોડણીની કાંટાળી વાડ છે તે નાબૂદ કરવાનું તેમને સૂઝતું નથી. કહેવાતા મોટા સાહિત્યકારોને એક જ 'ઈ' (દીર્ઘ 'ઈ') અને એક જ 'ઉ' (હ્રસ્વ 'ઉ') લખવાનું કેમ ફાવતું નહીં હોય? પ્રશ્ન થાય છે: "શું આપણે સેંકડો ક્ષતિઓવાળી ગુજરાતી ભાષાને એવા દૂષિત સ્વરૂપમાં જ આગળ લઈ જવી છે?" ખરો પ્રશ્ન એ છે કે હવે પછીની નવી પેઢી અઘરા દાખલા જેવી આ ગુજરાતી જોડણી શીખવાનો ઉમળકો બતાવશે ખરી? એક સત્ય મીનમેખ છે કે માતૃભાષાને જરૂર પ્રેમ કરવો જોઈએ, પણ તેમાં વિવેકબુદ્ધિ હોવી જરૂરી છે. અર્થાત્ માતાના માથામાં પડેલા ચાંદાનો ઉપાય કરવાને બદલે તેને માથે તાજ પહેરાવીએ તો તે ખામીયુક્ત માતૃપ્રેમ કહેવાય.

દરેક માણસ ઈચ્છે છે કે ભ્રષ્ટાચાર જરૂર દૂર થવો જોઈએ, પણ શરૂઆત મારાથી નહીં, બીજાથી થવી જોઈએ

આજે સ્કૂલોમાં પાર વિનાની અશુદ્ધિઓથી ભરેલી જૂની જોડણી ભણાવાય છે. ભાવિ પેઢી તે શીખે છે. પરિણામે કોલેજના પ્રોફેસરો, શાળાના શિક્ષકો કે ખુદ આચાર્યો પણ ખોટી જોડણી લખે છે. વળી, નક્કર સત્ય એ છે કે સૌ તેમના સામૂહિક અજ્ઞાન વડે ખોટી જોડણીમાં દીધે રાખે છે. ખોટી જોડણીના કારણે કોઈનાં કામ અટકતાં નથી. પણ પ્રશ્ન થાય છે, જેને ઠીક રીતે નિભાવી શકાતી નથી તેવી જૂની જોડણી માટે આટલો દુરાગ્રહ શા માટે? (અમારી વાત ખોટી જણાય તો મારી શરત અને પ્રયોગરૂપે શાળામાં ભાષા શીખવતા કોઈ શિક્ષકને માત્ર પંદર શબ્દો લખાવી જુઓ. એમાંથી બે-ત્રણ શબ્દો તો તે જરૂર ખોટા લખશે. (જો કે તેથી કોઈ ખાસ ફેર પડતો નથી.) જેમ કે રૂપિયા શબ્દની સાચી જોડણી 'રૂપિયા' છે. પણ તેને બદલે આપણે 'રૂપીયા' લખીશું તો તે સમજવામાં કોઈને મુશ્કેલી પડશે નહીં. પાણી એટલે પીવાનું પાણી... પણ તમે ભૂલથી 'પાણી'ને બદલે 'પાણિ' લખશો તો તમારી તરસમાં કે પાણીની શુદ્ધતામાં કોઈ ફરક પડવાનો નથી. (તો પાણી માટે પાણિપત શા માટે?) ઈન્ટરનેટ પર જોડણી અંગે ખાસ ગુજરાતી બ્લોગ ચલાવતા કેટલાક મિત્રો વર્ષોથી ઉંઝા જોડણીમાં તેમના વિચારો રજૂ કરે છે. એમના વિચારો લાખો લોકોએ પ્રેમથી આવકાર્યા છે. એમના બ્લોગના વાચકોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. એમની સફળતામાંથી ઉંઝા જોડણીની સરળતા અને જૂની જોડણીની નિષ્ફળતાની સાબિતી મળે છે. અંતે અમેરિકામાં તાજેતરમાં બનેલી ઘટના વિશે વાત કરીને આ જોડણીપુરાણ ખતમ કરીએ. (જુઓ - "ધૂપછાંવ")

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

ધૂપછાંવ

વિદેશોમાં વાસી, ફૂગવાળી કે બગડેલી વસ્તુઓ બજારમાં વેચાતી જોવા મળે તો ત્યાંનું આરોગ્ય ખાતું વેપારીને લાખો રૂપિયાનો દંડ કરે છે. થોડા સમય પહેલાં સુરતની હોટલમાંથી હજારો કિલો ગંધાતો માવો અને સડેલા પદાર્થો મળી આવ્યા હતા. પરંતુ તે નિહાળી પ્રજાનું રૂંવાડુંય ફરક્યું ન હતું. નવસારીની એક મોટી હોટલમાંથી તળાયેલો ઉંદર મળી આવ્યો હતો. જનતામાં માંડ બે-ચાર દિવસ હોબાળો થયો અને હોટલ બંધ રહી, પણ આજે સ્થિતિ એવી છે કે ત્યાં રોજ હોટલની બહાર રવિવારે વેઇટિંગની ખુરશીમાં બેસી લોકો રાહ જુએ છે. લોકો સમય જતાં બધું ભૂલી જાય છે. એ સમાચાર વાંચીને એક પણ માણસને એવો આઘાત લાગ્યો ન હતો કે 'અરેરે... આપણે આજ સુધી આવી સડેલી વસ્તુઓ ખાતા હતા?'

(ખાનગીમાં સાંભળો... હજીય સડેલો માલ બેરોકટોક વેચાય છે અને લોકો લાઈન લગાવે છે. ખાયે જાઓ... આજ સુધી કાંઈ ન થયું તો હવે શું થવાનું હતું? આપણાં તન-મન ગંદકીથી ટેવાઈ ગયાં છે. જરા વિચારો, માછલીને પાણીમાં શરદી થાય ખરી? ડુક્કર મળ ખાવાથી અપવિત્ર થાય ખરું? ખાળકૂવાના જીવડા ક્યારેક ચેન્જ ખાતર "સ્વચ્છતા સપ્તાહ" ઉજવતા હશે? બાકી એમને માટે તો ખાળકૂવો જ તેમનું સ્વીટ હોમ અને ગંદકી એ જ તેમની સંસ્કૃતિ! આપણી સ્થિતિ એવી છે કે એક સરકાર જાય અને બીજી આવે... આપણે સૌને સાથ આપીએ... ભલે ફાવે કે ના ફાવે!)